તા. ૨૯.૦૧.૨૦૨૫

નવગુજરાત સમય, પાના નં. ૧૨

### 25-26 જાન્યુઆરીએ કુલ 4.05 લાખ મુસાફરો નોંધાયા

# ભારત-પાક.ની મેચ કરતા પણ કોલ્ડ પ્લે માટે મેટ્રોમાં મુસાફરીનો રેકોર્ડ બ્રેક

## મેટ્રો ટ્રેનની વધારાની 207 ટ્રીપ દોડાવાઈ

**નવગુજરાત સમય** > ગાંધીનગર

અમદાવાદમાં ચાલતી મેટ્રો રેલમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલી કોલ્ડ પ્લે કોન્સર્ટના કારણે બે દિવસમાં રેકોર્ડ બ્રેક 4.05 લાખ મુસાફરો નોંધાયા છે. જેમાં 25 જાન્યુઆરીએ એક જ દિવસમાં કોન્સર્ટના બે દિવસ દરમિયાન મેટ્રો ટ્રેનની નિયમિત ઉપરાંત 207 વધુ ટ્રીપ દોડાવવામાં આવી હતી. આ રેકોર્ડ અગાઉ ભારત-પાકિસ્તાનની ક્રિકેટ મેચ અને આઈપીએલની ફાઈનલમાં સૌથી વધુ મુસાફરો નોંધાયા હતા.

અમદાવાદ અને તે પછી ગાંધીનગરમાં દોડતી થયેલી મેટ્રો ટ્રેન પબ્લીક ટ્રાન્સપોર્ટ માટે ઉત્તમ હોવા છતાં સામાન્ય દિવસોમાં ક્ષમતા કરતા ઓછા મુસાફરો મુસાફરી કરતા હોય છે. તેના કારણે વર્ષે કરોડો રૂપિયાની ખોટ પણ રાજ્ય સરકાર ભોગવે છે. જો કે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મોટા કાર્યક્રમ યોજાય તેના થકી મેટ્રોને વધુ મુસાફરોનો ફાયદો થતો હોય છે. 25 અને 26 જાન્યુઆરી દરમિયાન સ્ટેડિયમમાં યોજાયેલી મ્યુઝિક કોન્સર્ટના કારણે મેટ્રોએ સૌથી વધુ મુસાફરીનો માઈલ સ્ટોન હાંસલ કર્યો છે. મેટ્રોમાં 25મીએ મેટ્રોમાં 2,13,735 અને 26મીએ 1,91,529 મુસાફરોએ મુસાફરી કરી હતી. છેલ્લા બે સપ્તાહ દરમિયાન શનિવાર અને રવિવારની સરખામણીમાં 25 અને 26મીએ રોજ એક લાખથી વધુ મુસાફરી નોંધાઈ છે. આ દિવસો દરમિયાન એક દિવસના સરેરાશ 50 હજાર વધારાના મુસાફરોએ આવવા-જવા માટે મેટ્રોનો ઉપયોગ કર્યો હતો. તેના કારણે બે દિવસમાં કુલ 4,05,264 મુસાફરીનો રેકોર્ડ થયો હતો. જીએમઆરસી દ્વારા મેટ્રોની નિયમિત 313 ટ્રીપ ઉપરાંત 25મીએ વધારાની 93 અને 26મીએ 113 વધારાની ટ્રીપ દોડાવાઈ હતી.

સ્ટેડિયમમાં ક્રિકેટ વર્લ્ડ કપ અને આઈપીએલની મેચ યોજાતી હોય છે તે દરમિયાન 14 ઓક્ટોબર-2023માં પાકિસ્તાન સામે મેચ હતી તે દિવસે સૌથી વધુ 1,42,972 મુસાફરો નોંધાયા હતા. તે પછી 19 નવેમ્બર-2023એ વર્લ્ડ કપ ફાઈનલમાં 1,37,801 અને 22 મે-2024એ આઈપીએલની ફાઈનલ મેચમાં 1,65,504 મુસાફરો નોંધાયા હતા. આ દિવસોમાં પણ વધારાની 383થી 439 ટ્રીપ દોડાવાઈ હતી.